# પ્રેસનોટ

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.0" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.0" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૦૫/૦૬/૨૦૨૪ ને "વિશ્વ પર્યાવરણ દિવસ" ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરમાં સફાઈ ઝુંબેશ ઉપરાંત વૃક્ષા રોપણ, સિંગલ યુઝ પ્લાસ્ટીક અંગેની જાગૃતિ અને કલેક્શન ડ્રાઈવ હાથ ધરી વહીવટી ચાર્જ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા સેન્ટ્રલ ઝોનમાંભાગલ શાકભાજી માર્કેટ,વરાછા-ઝોન એમાં ભક્તિ નગર માર્કેટ,વરાછાઝોન બી-માંરામ ચોકથી એ.બી.સી સર્કલ,રાંદેર ઝોનમાંપટેલ પાર્ક શાર્ક માર્કેટ,કતારગામ ઝોનમાંપારસ માર્કેટ,ઉધનાઝોન એ-માં પિયુષ પોઇંટથી પત્રકાર સર્કલ,ઉધનાઝોન બી-માંસચિન સતવલ્લા સર્કલથી તુલસી હોટેલ,અઠવા ઝોનમાંસીટીલાઇટ માર્કેટઅનેલીંબાયત ઝોનમાંડિંડોલી વેજીટેબલ માર્કેટખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતીતેમજ તમામ ઝોનમાં આવેલ વિવિધ અન્ય માર્કેટો અને કોમર્શીયલ વિસ્તારમાંથી કુલ૯૯૧ કિગ્રા પ્લાસ્ટિક જપ્ત કરીકુલ રૂ.૧,૭૦,૯૦૦/- વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ."વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે ગાર્ડન વિભાગ દ્વારાબાગ બગીચા તથા મુખ્ય માર્ગ ઉપરકુલ ૬૦૮૩ છોડનું વૃક્ષારોપણ અને ૧૨,૬૨૨ છોડનું વિતરણ કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત ઝુંબેશ દરમ્યાન ૧૧૪૮ સફાઈ કામદાર,૭૦ વાહન તેમજ NGO/SHG ગ્રુપ તથા શહેરીજનો સહીત કુલ ૫૭૩૩ લોકો સાથે ગ્રુપ સફાઈ તેમજ વૃક્ષારોપણની કામગીરી હાથ ધરી કુલ ૫૮.૯૭ મે.ટન કચરો અને ૧૬૬ મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલવામાં આવેલતેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ ૬૪૬ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૨૬૪ ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૪૩૧ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરાંત આઆવતીકાલ તા.૦૬-૦૬-૨૦૨૪ ના રોજ શહેરના તમામ મહાપુરુષોની પ્રતિમા, બાગ, બગીચા, ઉદ્યાનોની સફાઈ તેમજ સરકારી રહેણાંક વસાહતોની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૬૫ તા.૦૫/૦૬/૨૦૨૪